### એમ. એસ. યુનિ. ખાતે આજથી બે દિવસ માટે મોક નેકનું આયોજન

# નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રીડીટેશન કાઉન્સિલની ટીમ યુનિવર્સિટીની મુલાકાતે

## ૧૦ તજજ્ઞો બે દિવસ વિવિધ ફેકલ્ટીઓની મુલાકાત લઈ સ્થિતિની સમિક્ષા કરશે



(પ્રતિનિધી) વડોદરા, તા.17
એમ એસ યુનિવર્સિટી ખાતે નેક ની ટીમ મુલાકાતે આવનાર છે .આવનાર ટીમની પૂર્વે આજથી બે દિવસીય મોક નેકનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં નેકની ટીમ યુનિવર્સિટીમાં આવી પહોંચી હતી. એમ એસ યુનિવર્સિટી ખાતે આગામી દિવસોમાં NAAC- નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રીડીટેશન કાઉન્સિલની ટીમ મુલાકાતે આવનાર છે. NAACની ટીમની વિઝીટ પૂર્વે આવતીકાલથી બે દિવસ માટે મોક NAACનુ આયોજન કરવામા આવ્યું છે. મોક NAAC માટે તમામ ૧૦ તજજ્ઞ પ્રોફેસર્સને બહારથી બોલાવાયા છે. જેથી સ્પષ્ટ અને વાસ્તવિક ચિત્ર જાણી શકાય, તેમજ જરૂર પડ્યે ત્યારે બાદ યોગ્ય સુધારા પણ કરી શકાય. NAACની વિઝીટ સારી રીતે પાર પાડી શકાય તેમજ હાલની તૈયારીઓમાં કોઈ કમી કે કચાશ રહી ગઈ હોય તેનો ખ્યાલ આવી શકે તે હેતુસર આ મોક NAACનુ આયોજન કરાયું છે. એમ એસ યુનિ. ખાતે આગામી તા. ૨૫ થી ૨૭ ઓગષ્ટના ત્રણ દિવસ દરમિયાન NAAC- નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રીડીટેશન કાઉન્સિલની ટીમ ઈન્સ્પેક્શન માટે આવનાર છે. NAACની ટીમની વિઝીટને પગલે સત્તાધીશોએ છેલ્લા કેટલાંક દિવસોથી તડામાર પૂર્વતૈયારીઓ શરૂ કરી દીધી હતી. આજથી શરુ થયેલા કેમ્પસમાં બે દિવસ માટે મોક NAAC યોજાશે. શહેર બહારથી આવનારા તમામ ૧૦ તજજ્ઞો બે દિવસ દરમિયાન વિવિધ ફેકલ્ટીઓની મુલાકાત લઈ સ્થિતિની જાત સમિક્ષા કરશે. અને ત્યાર બાદ વર્તમાન સ્થિતિને આધારે યુનિવર્સિટીના તંત્રને જરૂરી સુધારા વધારા સૂચવવાની સાથે સાથે જરૂર જણાય તેવા ફેરફાર કરવા માટે પણ જણાવશે. નોંધનીય છે કે NAACની વિઝીટ દરમિયાન એકસુત્રતા જળવાઈ રહે તે માટે પ્રોફેર્સસ સહીતના સિનિયર ટીચર્સ અને મહિલા ટીચર્સ માટે ડ્રેસ કોડ અમલી બનાવાયો છે. NAACની ટીમ સિન્ડીકેટ સભ્યો અને ફેકલ્ટીઓના ડીન્સ સાથે મીટીગ યોજશે.NAACની ટીમની વિઝીટ પહેલાં મોક NAACના આયોજનથી આપણી તૈયારીઓમાં ક્યાંક કોઈ કચાશ કે કમી રહી ગઈ હોય તો તેનો ખ્યાલ આવે અને તે વેળાસર સુધારી લેવાય તેમ યુનિવર્સિટીના સુત્રોનુ કહેવું છે. મોક NAAC માટે પણ યુનિવર્સિટી બહારના એક્ષપર્ટ્સની ટીમને બોલાવાશે, જેથી વાસ્તવિક ચિત્રનો સંપૂર્ણપણે ખ્યાલ આવે તેમ સુત્રોએ ઉમેર્યું હતુ.